# મોડાસાની સત્યમ વિદ્યાલય આંજણા સમાજના એક યુવાને ૩૧ લાખનું દાન આપ્યુ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાની વિદ્યાનગરી એટલે મોડાસા શહેરમાં ચાલતી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત "સત્યમ વિદ્યાલય" કે.જી. થી ધોરણ-૧૦ સુધી બાયપાસ રોડ મોડાસા મુકામે કાર્યરત છે. સને-૨૦૧૧થી શરુ થયેલ સ્કુલ ઉત્તરોતર પ્રગતિના પંથે છે. મંડળે દાતાઓના સહયોગથી અંદાજીત રૂપિયા એક કરોડના ખર્ચથી સ્કુલનું અદ્યતન બિલ્ડીંગ બનાવ્યું છે. ધોરણ-૧૦નું ચાલુ વર્ષે બોર્ડનું પરિણામ ૮૫ ટકા આવ્યું છે. સ્કુલમાં ૭૫૬ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. મંડળ સંચાલિત કાન્તીભાઈ પનાભાઈ પટેલ વિદ્યાર્થી ભુવનમાં ૭૭ વિદ્યાર્થીઓ રહી સ્કુલમાં અભ્યાસ કરે છે.



કેળવણી મંડળ-સત્યમ વિદ્યાલય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ સમાજ શુભચિંતકોની મહત્વની મીટીંગ મળી હતી. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ ગોરધનભાઈ એમ. પટેલ-એડવોકેટે સ્વાગત પ્રવચન કરી દાતાશ્રી તેમજ સર્વને આવકાર્ય હતા. દાતાશ્રી તેમજ તેમના પરિવારજનોને ફૂલહારથી પ્રમુખ-મંત્રી તેમજ ઉપસ્થિત આગેવાનોએ સ્વાગત કર્યું હતું.

મીટીંગમાં સાયરા ગામના વતની અને રીટાયર્ડ આર.એફ.ઓ ભાનુભાઈ રેવાભાઈ પટેલે તેમના પિતા સ્વ. રેવાભાઈ જેશીંગભાઈ પટેલના સ્મરણાર્થે રૂપિયા ૩૧,૧૧,૧૧૧ની માતબર રકમનું દાન શિક્ષણના ઉમદા ઉદ્દેશ માટે તેમજ શ્રીમદ જેશીંગબાપા વિદ્યાર્થી ભોજનાલય માટે રૂપિયા ૧,૧૧,૧૧૧ની રકમનું દાન તેમના માતૃ શ્રી ગં.સ્વ. કમળાબેન રેવાભાઈ પટેલના નામે આપ્યા હતા. સ્વ. રેવાભાઈ જેશીંગભાઈ પટેલના ધર્મપત્ની કમળાબેને રૂપિયા ૩૧,૧૧,૧૧૧ નો ચેક મંડળના પ્રમુખ-મંત્રીને સર્વની ઉપસ્થિતિમાં સુપ્રત કર્યો હતો. મીટીંગમાં ઉપસ્થિત હોદ્દેદારો-સત્યમ સ્કુલના બોર્ડ ઓફ ડિરેકટર્સ-સમાજ આગેવાનો-શાળાના આચાર્ય પરેશભાઈ પટેલ—શિક્ષકો-વિદ્યાર્થીઓએ તાલીઓના ગડગડાટથી ભારે હર્ષોલ્લાસથી દાતાને આવકાર્ય હતા. સંસ્થાના સ્વપ્રદ્રષ્ટા એડવોકેટ હીરાભાઈ પટેલે સ્વ. રેવાભાઈ જેશીંગભાઈ પટેલ સમાજના સેવાભાવી-ઉચ્ચ વિચારસરણી ધરાવતા ઉદાર આગેવાન ખેડૂત હતા. કઠોર પરિશ્રમ તે તેમના જીવનનો મંત્ર હતો. તેઓ મંડળના સેવા કાર્યમાં હંમેશા તત્પર રહેતા. મંડળ માટે તેઓએ પોતાના જીવનકાળ દરમિયાન ઉદાર હાથે માતબર દાન આપતા હતા. તેમના ચિ. ભાનુભાઈ તથા પરિવારજનોએ સામેથી બિનશરતી દાન આપવાની ભાવનાને બિરદાવી હતી. સમાજ દાતાનો સદાયને માટે ઋણી રહેશે. તે પછી સર્વની સમતીથી શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત "સત્યમ વિદ્યાલય" કે.જી. થી ધોરણ-૧૦ સ્કુલ સાથે સ્વ રેવાભાઈ જેશીંગભાઈ પટેલનું નામ જોડવાની જાહેરાત કરવામાં આવી હતી તેમજ સત્યમ વિદ્યાલય એજ્યુકેશન મેનેજમેન્ટ બોર્ડના ચેરમેન તરીકે ભાનુભાઈ આર. પટેલ તેમજ મંત્રી તરીકે ભીખાભાઈ એન. પટેલ એડવોકેટની વરણી કરવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

કન્યા છાત્રાલય, ઉચ્ચતર માધ્યમિક સ્કુલ બિલ્ડીંગ, સ્કુલ ઉદ્‌ઘાટન તેમજ સોવીનીયાર સર્વના સહયોગથી પ્રસિદ્ધ કરવાના આયોજનની રૂપરેખા બાબતે વિચાર પણ રજુ કરવામાં આવ્યા હતા. મંડળના પ્રમુખ-મંત્રી રમણભાઈ પટેલ-સમાજના વડીલ આગેવા બહેચરભાઈ પટેલ જયંતીભાઈ પટેલ રમોસ-હરેશભાઈ પટેલ ચેરમેન અર્બુદા મંડળી તેમજ ઉપસ્થિત સર્વએ ભારે ઉત્સાહથી તાળીઓના ગડગડાટથી આવકારવામાં આવ્યા હતા. સમાજના ઉપસ્થિત ૨૦ ઉપરાંત શુભચિંતકોએ જેશીંગબાપા વિદ્યાર્થી ભોજનાલય માટે દાન આપ્યું હતું.

# પ્રાંતિજ પોલીસે પાંચ દિવસમાં જ ચોરીનો ભેદ ઉકેલ્યો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ખાતે એકજ રાતમા ચાર દુકાનના તાળાં ટુટયા હતાં જેમાં જે.આર.રેડીમેડ કપડાંની દુકાનમાંથી માત્ર બે શર્ટ મુકીને દુકાનમાં રહેલ રેડીમેડનો બધો જ માલ ચોરી કરીને લઈ ગયા હતા. પ્રાંતિજ પોલાસે ફરીયાદના આધારે તપાસ કરતાં માત્ર પાંચ દિવસમાં જ ચોરીના મુદ્દામાલ સાથે ત્રણની અટકાયત કરી જેલને હવાલે કર્યા હતા.

મજરા ચોકડી ઉપર એકજ રાતમાં રાધે કોમ્પ્લેક્સના બીજા માળે આવેલ ચાર દુકાનના તાળા તોડી જે.આર. રેડીમેડની દુકાનમાંથી દુકાનમાં રહેલ રેડીમેડ કપડાંની ચોરી કરી માત્ર બે શર્ટ રાખી દુકાન ખાલી કરી લઈ જતાં દુકાન માલિક દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં પોલિસ ફરીયાદ કરવામાં આવી હતી. પોલિસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. જે દરમ્યાન પ્રાંતિજ પી.આઈ વી.આર.ચાવડાને મજરા ખાતે થયેલ ચોરીનો માલ હિંમતનગર ખાતે વેચવા જવાની બાતમી મળતા તેવોએ પ્રાંતિજ ટોલનાકા ઉપર તપાસ ગોઠવતાં પ્રાંતિજ પી.એસાઈ ગજ્જર, પોલિસ કોન્સ્ટેબલ વિક્રમસિંહ, કિરીટસિંહ



સહિત પોલિસ દ્વારા વોચ રાખતા રીક્ષામાં પોટલું વાળેલ કપડાં ભરેલ રીક્ષા હિંમતનગર તરફ જતી પકડાઈ આવતાં મજરા ગામના સુરેશ કુમાર ઉર્ફે શૈલેષ ગાભુસિંહ રાઠોડ તથા તાજપુર વાળો મિતેશ રમેશભાઈ સૂતરીયા તથા અમદાવાદનો જયદીપ યોગેશભાઈ ત્રિવેદી ત્રણેય જણાં પ્રમાણભૂત જવાબ ના આપતાં પોલિસે કલમ-૪૧ (૧) ડી મુજબ અટક કરી પોલિસ સ્ટેશન લાવી પુછપરછ કરતાં તેવોએ કબુલાત કરી કે આ નવાં કપડાંના પોટલાં મજરા ત્રણ રસ્તા ખાતે આવેલ જે.આર. રેડીમેડ કપડાંની દુકાનમાંથી ચોરી કરી હતી. પોલિસે આઈપીસી કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦ વી મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.

# આજે ન્યુ ગાંધીનગર વિકાસ મંડળની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૯

છેલ્લા કેટલાક વર્ષોમાં ન્યું ગાંધીનગર વિસ્તાર જેવા કે કુડાસણ, રાયસણ, સરગાસણ, રાંદેસણ, કોબા વગેરે વિસ્તાર ખુબ જ વિકાસ પામ્યા છે. અને ખુબ મોટા પાયે વસાહતીઓ વસવાટ કરે છે. હમણા ચોમાસાની સિઝન સિઝનનો લીધે મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. જેમાં મેલેરીયા, ડેન્ગ્યું, ચીકનગુનિયા, જેવા રોગનું પ્રમાણ ખુબ જોવા મળી રહ્યું છે. મચ્છરોના ઉપદ્રવ કેવી રીતે રોકી શકાય અને ઓછામાં ઓછી બિમારી ફેલાય અને નાગરીકોમાં જાગૃતિ આવે તેવા ઉમદા આશયથી ન્યું ગાંધીનગર વસાહત મંડળ અને જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગના સંયુકત અભિયાનથી એક બેઠકનું આયોજન તા.૩૦ જુલાઈને સોમવારના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૦ કલાક દરમિયાન સ્થળ. રાધે સીગ્નેચર કોમ્પલેક્ષ ચોથા માળે, રાધે હોસ્પિટલની ઉપર, સહજાનંદ સીટીની સામે, કુડાસણ ખાતે યોજાશે. આ બેઠકમાં સોસાયટી તેમજ બાંધકામ સાઈટ પર શું તકેદારી રાખવી તેમજ ઓછામાં ઓછા મચ્છરથી થતી બિમારીને રોકી શકાય તે વિશેની માહિતી આપવામાં આવશે. જેથી સોસાયટીના પ્રમુખો, મંત્રી, કારોબારી સભ્યો, તથા બિલ્ડર મિત્રો સહિત વસાહતી ભાઈ બહેનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

# પાટીદાર ટ્રાવેલ્સની વાર્ષિક સભા યોજાઈ

**આ પ્રસંગે વકતા દ્વારા ડ્રાઈવરોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, માર્ગ સલામતી વિષય પર માર્ગદર્શન અપાયું**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે પાટીદાર ટ્રાવેલ્સની ૧૦ મી વાર્ષિક સામાન્ય




સભા યોજાઈ હતી. જેમાં વાહન માલિકો અને ચાલકો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. આ પ્રસંગે જાણીતા વક્તાઓ દ્વારા ડ્રાઈવરોમાં રોડ સેફ્ટી, ડ્રાઈવીંગ સેફ્ટી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, સર્વિસ એકસલન્સ, ટ્રાફિક નિયમનનું પાલન કરવુ વિવિધ વિષયો પર જાગૃતિ આવે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આજના ઝડપી યુગમાં સમયની બચત કરવા ઝડપથી વાહનો ચલાવતા અકસ્માત સર્જાતા હોય છે. ત્યારે પાટીદાર ટ્રાવેલ્સની ૧૦મી સાધારણ સભાના આયોજન પ્રસંગે ડ્રાઈવરો તેમજ વાહન માલિકોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. જેમાં ડ્રાઈવીંગ સેફટીને અનુલક્ષી હિમાની ભાવસાર, રોડ સેફટી અને ટ્રાફિક નિયમન અંગે ચિરાગ પટેલ, સ્ટ્રેસ મેનેજમેન્ટ પરેશભાઈ ભટ્ટ, સર્વિસ એકસલન્સ માટે પ્રશાંત પટેલે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે એચ.એસ.પટેલ (આઈએએસ), પાટીદાર ટ્રાવેલ્સના હર્ષદ પટેલ, અમિત દવે, એસ.કે. પટેલ, હિરેન ઠક્કર, કિરણ પટેલ સહિતના નાગરીકો હાજર રહ્યા હતા.

# યાત્રાધામ શામળાજીના શ્રી પ્રાણનાથજી મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

શામળાજી, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે મેશ્વો ડેમ નજીક આવેલા પ્રણામી સંપ્રદાયના શ્રી પ્રાણનાથજી મંદિરમાં નિજાનંદ ફાઉન્ડેશન શામળાજી અને હિંમતનગર સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રણામી સંપ્રદાયના યુવાનોએ રક્ત આપી બ્લડ કેમ્પને સફળ બનાવ્યો હતો. જેમાં સહકારી ક્ષેત્રના અગ્રણી મહેશભાઈ પટેલે હાજર રહી રક્તદાતાઓને પ્રોત્સાહિત કરાયા હતા. બ્લડ ડોનેશનમાં એકત્રિત કરાયેલ બ્લડ ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આપવામાં આવશે તેવું બ્લડ ડોનેશન કેમ્પના આયોજકોએ જણાવ્યું હતું.

# વોન્ટેડ બુટલેગર હનીફ ઉર્ફે ડેની કલાલ આખરે ઝડપાયો

**કલોલ તાલુકાના પિયજ ગામમાંથી પોલીસે પકડેલા દારૂના કટીંગના કેસમાં પણ આ બુટલેગર વોન્ટેડ હતો : કડી પોલીસ સ્ટેશનના બે ગુનામાં પણ વોન્ટેડ હતો**

ગાંધીનગર, તા.૨૯

કલોલ અને કડી પંથકમાં વિદેશી દારૂનું મોટુ કટિંગ કરતો બુટલેગર હનીફ ઉર્ફે ડેની કલાલ ઘણા સમયથી પોલીસથી નાસતો ફરતો હતો. માર્ચ મહિનામાં પણ કલોલ તાલુકાના પિયજ ગામમાં આ બૂટલેગરનું કટીંગ પકડાયું હતું અને ૧૯ લાખનો મુદ્દામાલ જબ કરાયો હતો. આ ગુનામાં નાસતો-ફરતો આ બુટલેગર આખરે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. એલસીબીની ટીમે બાતમીના આધારે કડી ખાતેથી આ બુટલેગરને દબોચી લઈ કલોલ તાલુકા પોલીસને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કડી પોલીસ સ્ટેશનના પણ ૨ ગુનાઓમાં આ શખ્સ વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાને વોન્ટેડ આરોપીઓને પકડવા આપેલી ખાસ સુચના અનુસંધાને અજગર એલસીબી, એસઓજી સ્થાનિક પોલીસ મથકના અમલદારો દ્વારા પોતાની ટીમો આ દિશામાં સક્રિય કરી છે ત્યારે ગાંધીનગર એલસીબીના પીએસઆઈ વી.એમ.ઝાલાની કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે કલોલ તાલુકા પોલીસ મથકમાં




માર્ચ મહિનામાં થયેલા પ્રોહીબીશનના કેસમાં કે જેમાં પોલીસે ૧૯ લાખનો દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી દારૂનું કટિંગ પકડ્યું હતું તે ગુનાનો સૂત્રધાર હજુ નાસતો ફરે છે તે આરોપી હાલ કડી ખાતે છે. આ બાતમીના આધારે કડી ખાતે જઈ એલસીબીની ટીમે વોન્ટેડ બુટલેગર હનીફ ઉર્ફે ડેની રસુલ કલાલ નામના શખ્સને પકડી પાડયો હતો. કલોલ તાલુકાના દારૂના કટીંગના કેસમાં વોન્ટેડ આરોપી દારૂ અને જુગાર જેવી અસામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો રીઢો ગુનેગાર હોવાનું પોલીસ રેકર્ડ ઉપર છે. મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશનમાં પણ પ્રોહિબિશનના અને જુગારધારાના બે ગુનામાં આ શખ્સ વોન્ટેડ હોવાનું જાણવા મળ્યું છે. હનીફ ઉર્ફે ડેની નામના આ શખ્સની ધરપકડ કરી તેની સામે કડક કાર્યવાહી હાથ ધરી છે.

# બ્રહ્માકુમારી ચિલોડા સેવા કેન્દ્ર ખાતે ગુજરાત સકાસ ગ્રૃપની તૃતીય પ્લાનિંગ બેઠક

ચિલોડા, તા. ૨૯

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં ચિલોડા સ્થિત સેવા કેન્દ્રના જગદંબા



ભવન ખાતે સે. ૨૮ ગાંધીનગરના સંચાલિકા આદરણીય કૈલાસદીદીજીની અધ્યક્ષતામાં અને રાજયોગ ભવન અમદાવાદના સંચાલિકા બી.કે. ઉષાબેન તથા ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા બી.કે. તારાબેન, સુખશાંતિ ભવન અમદાવાદના બી.કે. વિનુભાઈની ઉપસ્થિતિમાં બ્રહ્માકુમારીઝ ગુજરાત સકાસ ગ્રુપની તૃતીય પ્લાનિંગ મિટિંગ યોજાઈ હતી.

ગુજરાત રાજયમાં અને વૈશ્વિકસ્તરે વધતાં જતાં દુઃખ દર્દ, તણાવ, ભય-અસુરક્ષાથી લોકમાનસને શક્તિશાળી તથા શુભભાવના અને શુભકામના યુક્ત વાયબ્રેશન આપવાની તાતી જરૂર છે જે ધ્યાનમાં લઈ બ્રહ્માકુમારીઝ દ્વારા ગુજરાત ખાતે ૩૦૦ જેટલાં સેવાકેન્દ્રો થકી બ્રહ્માકુમાર ભાઈ-બહેનો માટે ગુજરાત સકાસ ગ્રુપની રચના કરવામાં આવી છે. જેમાં બ્રહ્મચર્યવ્રત, શુદ્ધ શાકાહારી અન્ન, પવિત્ર આચાર-વિહાર સહીત કેટલીક આચારસંહિતા અને ચુસ્ત નિયમો નક્કી કર્યા પ્રમાણે તમામ સભ્યોએ અચૂક પાલન કરવાનુ હોય છે. આ ગ્રુપના સભ્ય ભાઈ બહેનો દિવસની શરૂઆતમાં સવારે ૪ થી ૪.૩૫ વાગે અમૃતવેલા અને નીમા સાંજ ૭ થી ૭.૩૦ દરમ્યાન રાજયોગના અભ્યાસ દ્વારા ગુજરાત અને વિશ્વના આત્મિક બંધુઓ અને ભગિનીઓને વિશેષ સકાસ આપવામાં આવશે. જેથી દુઃખ દર્દ અને સમસ્યામાં રાહત અનુભવાશે.

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

વસંત મ્હોરાવતાં ગરીબાઈનાં સોગંદનામાં કરીને પ્રજાની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ કરે છે. એની તુલનામાં પાકિસ્તાની નેતાઓ પોતાની લંડન-દુબઈ ખાતેની મહેલાતો કે દેશ-વિદેશમાં હજારો એકરનાં ફાર્મની વિગતો કે બેંક બેલેન્સ મોકળાશથી રજૂ કરે છે. પનામા પેપર્સમાં ભારતના ઘણાબધાનાં નામ આવ્યા પછીય એની તપાસનો પારદર્શી શાસકોએ વીંટો વાળી દીધો, પણ પાકિસ્તાનમાં તો પનામા પેપર્સ મામલે વડાપ્રધાન સહિતનાએ હોદ્દા છોડવા પડ્યા; એટલુંજ નહીં જેલવાસીય થવું પડ્યું! પાકિસ્તાનમાં તો મોટાભાગના રાજનેતા અબજોપતિ છે. સૌથી નાની ઉંમરના બિલાવલ ભુટ્ટો-ઝરદારી પીપીપીના અધ્યક્ષ છે.એમના નાના ઝુલ્ફીકાર અલી ભુટ્ટો અને માતા બેનઝીર ભુટ્ટો વડાપ્રધાન રહ્યાં છે. બિલાવલના નાના ઝુલ્ફીકાર અલી અને પિતા આસીફ અલી ઝરદારી રાષ્ટ્રપતિ ય રહ્યા છે. દેશ-વિદેશમાં બિલાવલની સંપત્તિ અબજોમાં છે. એમના પિતાની સંપત્તિ એમની સંપત્તિ કરતાં અડધી છે. શરીફ પરિવાર તો ઉદ્યોગપતિ પરિવાર છે.સ્ટીલ ઉદ્યોગના બાદશાહ નવાઝ શરીફ લશ્કરી તાનાશાહ જનરલ ઝિયાના લાડકા હતા.અગાઉ ત્રણ-ત્રણ વાર વડાપ્રધાન રહ્યા છે. ઈશ્કમિજાજી માટે જાણીતા ઈમરાન ખાન સાથે ક્યારેક જેમનું નામ જોડાયેલું રહ્યું એ બેનઝીર ભુટ્ટો પણ નવાઝમિયાંની જેમ જ લશ્કરી તાનાશાહનાં લાડકાં હતાં. ઈમરાન ખાનને દિલફેંક ગણાવવાનું અને તેમનાં કેટલાંક અનૌરસ સંતાનો ભારતમાં હોવાનું પોતાના પુસ્તકમાં લખનાર ઈમરાનનાં દ્વિતીય પત્ની રહેલાં રેહમ ખાન આજે ખૂબ ચર્ચામાં છે. ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત નેહરુ પોતાની સગ્ગી બહેન વિજયાલક્ષ્મી પંડિતને ભેટે એમાં પણ સડેલાં દિમાગ ધરાવનારાઓને સેકસનાં દર્શન થાય છે. એટલે ઈમરાનની માશુકાઓને બદલે તેની નીતિઓ ભારતને ક્યાં પ્રભાવિત કરશે, એનો વિચાર કરવાની વધુ જરૂર છે.

- haridesai@gmail.com

## રોગચાળા માટે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ૧૪૦થી વધુ સોસાયટીઓ આવેલી છે એટલુ જ નહિ જિલ્લામાં સૌથી વધુ કન્સ્ટ્રકસન સાઈટો પણ આ વિસ્તારમાં ચાલી રહી છે. આ રાત્રિ બેઠક મહત્વની હોઈ તંત્ર પણ તેને સફળ બનાવવા કામે લાગ્યુ છે.

## પોલિસી બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. આનો મતલબ એ હશે કે સામાન્ય લોકોને લોનને લઈને મુશ્કેલી નડશે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે આ મિટીંગને ફુગાના આંકડા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. ફુગાવાને કાબુમાં લેવા વધુ નિર્ણાયક પગલાંની જરૂરીયાત દેખાઈ રહી છે. બોન્ડ મૂડી રોકાણકારો અને અલગ અલગ બ્લુમબર્ગ સર્વેમાં અર્થશાસ્ત્રીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આરબીઆઈ દ્વારા ૨૫ બેઝીક પોઈન્ટનો વધાધારો કરવામાં આવશે. આની સાથે રેટ વધીને ૬.૫ ટકા સુધી થઈ જશે. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ એમ પણ માની રહ્યા છે કે હાલમાં યથાસ્થિતિ પણ જાળવવામાં આવી શકે છે. રેટમાં કોઈપણ હિલચાલથી બેંચમાર્ક બે વર્ષની ઉંચી સપાટીએ પહોંચી જશે. જૂનમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. તુર્કીથી લઈને ઈન્ડોનેશિયા સુધીની સેન્ટ્રલ બેંકોની જેમ જ આરબીઆઈ પણ ઉભરાતા માર્કેટ વચ્ચે પગલાંના મૂડમાં દેખાઈ રહી છે. પોલિસી સમીક્ષા પર કારોબારીઓની નજર છે.

## હડતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટ દ્વારા શહેરમાં સતત વધતી જતી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા પોલીસતંત્ર તેમજ મ્યુનિસિપલ સત્તાવાળાઓને કડક તાકીદ કરાઈ હતી. જેના પગલે અમ્યુકો તંત્ર અને શહેર ટ્રાફિક વિભાગ દ્વારા ખાસ અભિયાન હાથ ધરાયું છે, પરંતુ આ અભિયાન હેઠળ ઓટોરિક્ષાચાલકો સાથે પોલીસ ખોટી કનડગત કરતી હોવાનો આક્ષેપ મૂકીને તેના વિરોધમાં આવતીકાલે એક દિવસ પૂરતો સ્વયંભૂ બંધ પાળવાનો ઓટો રિક્ષાચાલકો દ્વારા નિર્ણય લેવાયો છે.

## મફતમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેટરપેડ ઉપર ભલામણ પત્ર લખીને આપી દીધો હતો. તે ધારાસભ્યનો આભાર મારીને ત્યાંથી નીકળી ગયો હતો અને બીજે દિવસે જેણે તેની પાસે બે હજાર રૂપિયા માંગ્યા હતા ત્યાં પહોંચી ગયો હતો. ત્યાં જઈને તેણે કોંગ્રેસના ધારાસભ્યએ લખી આપેલો ભલામણપત્ર બતાવીને સ્પષ્ટ કહ્યું કે 'જુઓ કોંગ્રેસના ધારાસભ્ય તો મફતમાં ભલામણપત્ર લખી આપે છે'

## ભારે વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરબી સમુદ્રનુ વહન અને બંગાળના ઉપસાગરનું વહન ભારે ભેજવાળા ફુરક્કર લઈને ન આવે તો અછત પણ સર્જાતી હોય છે. પશુ પંખીની ચેષ્ઠા જોતાં ગુજરાતના ભાગોમાં દુષ્કાળની ધાસ્તી નથી. અલબત્ત ક્યાંક વરસાદ ઓછો થઈ શકે. ભૌગોલિક બાબતો તેમજ ગ્રહ યોગોને જોતાં તા. ૨૯ જુલાઈથી ધીરે ધીરે વરસાદી વહન બને. તા. ૩ ઓગષ્ટ સુધીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા રહે. જ્યારે તા. ૬ ઓગષ્ટથી ૧૦ ઓગષ્ટમાં દક્ષિણ ગુજરાતના ભાગો ગુજરાતના દરિયા કિનારાના અન્ય ભાગો તેમજ ગુજરાતના વિભિન્ન ભાગોમાં ભારે વરસાદની સંભાવના રહે.

ઉત્તર ગુજરાતના ભાગોમાં મોસમી પવનોનો દેશ હોવાથી ગુજરાતના ભાગોમાં ભારે અતિભારે વરસાદના સંજોગો હોવા છતાં માળવા અને મધ્ય પ્રાંતમાં હવાનું દબાણ બરાબર થાય નહિ અને મધ્યપ્રદેશમાંથી આવતો વરસાદી વહન ખેંચાઈ જાય તો વરસાદી માહોલ પણ ઘડીકમાં વિખરાઈ જતો હોય છે. આવુ બનવાનું કારણ સિંધ, રજપૂતાના તેમજ મધ્ય પ્રાંતમાં હવાનું દબાણ સાનુકૂળ ન રહે અને બંગાળના ઉપસાગરનું વહન ગુજરાત તરફ આવી ફંટાઈ જાય તો વરસાદ હાથતાળી આપે છે અને ખેડૂત ભાઈઓને કાગડોળે વરસાદની રાહ જોવે છે.

## નિર્માણ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના અંતે આ માટે અલાયદી વ્યવસ્થા કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી. જયારે આ અન્વયે ઈ વી એમ મશીન રાખવા માટે સમગ્ર રાજયમાં અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. કેન્દ્રીય ચુંટણી પંચની ગાઈડલાઈન અન્વયે ઈ વી એમ મશીનની સલામતીને અનુલક્ષી અલગ ભવનનુ નિર્માણ કરવાની સુચના આપવામાં આવી છે. જે અન્વયે ગાંધીનગરમાં પણ સે-૧૪ માં ઈ વી એમ મશીનને સલામતી પુર્વક રાખવા માટે અલાયદુ બિલ્ડીંગ બનાવવા આયોજન કરી દેવાયુ છે. કેન્દ્રીય ચુંટણી કમિશ્નરની ગાઈડલાઈન મુજબ આ બિલ્ડીંગની ડીઝાઈન ગ્રાઉન્ડ પ્લસ વન તેમ રહેશે. આ ઠેકાણે કિલ્લેબંધી સાથે ઈ વી એમની સલામતી રહે તેનો પુરતો ખ્યાલ રાખવામાં આવશે. આ સ્ટ્રોંગ રૂમમાં વેન્ટીલેશન રાખવા માટે નાની જગ્યા છોડવામાં આવશે. જયારે આ બિલ્ડીંગમાં બારીને સ્થાન આપવામાં નહીં આવે. જયારે બિલ્ડીંગ ફરતે કમ્પાઉન્ડ વોલ તેમજ સી સી ટી વી કેમેરાની વોચ રહેશે. બિલ્ડીંગના નિર્માણ બાદ ૫ હજારથી વધુ ઈ વી એમ મશીન આ સ્થળે રહી શકશે.

## ભાવ ચાલે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદારો સરળતાથી મેળવી શકતા હોય છે અને તે તેમનો હક પણ છે. ગાંધીનગર જિલ્લાના જ એક ભાજપના ધારાસભ્યના કાર્યાલય પર આવો ભલામણ પત્ર મેળવવા ગયેલા એક મતદારને કડવો અનુભવ થયો છે. કાર્યાલય પર બેસતા એક વચેટિયાએ તેને કહી દીધું કે ભલામણપત્ર લેવો હોય તો બે હજાર રૂપિયા આપવા પડશે..!! ભલામણ પત્ર લેવા ગયેલા તે જાગૃત મતદારની પણ આ વાત સાંભળીને આંખો પહોળી થઈ ગઈ હતી. અહીંથી ભલામણપત્ર નથી લેવો તેઓ મનોમન વિચારીને ધીમે રહીને આ મતદાર કાર્યાલયથી સરકી ગયો હતો.

પ્રાપ્ત થયેલી વિગત મુજબ ગાંધીનગરમાં જ રહેતા એક યુવાનના સંબંધીને ગાંધીનગરમાં સરકારી નોકરી લાગી છે. ગાંધીનગરમાં મકાન ખરીદવું કે મકાન ભાડે રાખવું સામાન્ય વર્ગના વ્યક્તિ માટે લોઢાના ચણા ચાવવા જેવી બાબત થઈ ગઈ છે. સરકારી કર્મચારી થયા હોવાથી તેમને સરકારી ક્વાર્ટર મળવાપાત્ર હોય છે. આ સરકારી મકાન મળી જાય તો તેમને રાહત થઈ જાય આવું વિચારીને તેમણે સરકારી મકાન મેળવવા અરજી કરી હતી. કચેરીમાંથી જાણવા મળ્યું કે તમારો વારો ક્યારે આવશે તે તો કાંઈ જ નક્કી નથી કેમકે સરકારી મકાન મેળવવા માટે બબ્બે હજાર કર્મચારીઓનું વેઈટિંગ ચાલે છે. આનો કોઈ બીજો વિકલ્પ ખરો તેઓ યુવાને કચેરીમાં પૂછ્યું તો જાણવા મળ્યું કે ધારાસભ્યશ્રીનો ભલામણ પત્ર હોય તો કદાચ વેઈટિંગ લિસ્ટમાં અગ્રીમતા આપી શકાય છે. યુવાનને રસ્તો સુજ્યો કે આપણે સાહેબને મત આપ્યા છે તો ભલામણ પત્ર સાહેબ કદાચ લખી આપશે. ભાજપના જ ધારાસભ્યનો એક સંબંધી કે જેણે મત આપવાની ચૂંટણી સમયે માંગણી કરી હતી તેને જ જઈને આ યુવાન મળ્યો અને ઉપરોક્ત કારણ રજૂ કરીને ધારાસભ્ય સાહેબના ભલામણપત્રોની માંગણી કરી હતી. ગાંધીનગર જિલ્લાના જ એક ભાજપના ધારાસભ્યના કાર્યાલય પર જઈને ધારાસભ્યના સંબંધી તેવા આ વચેટિયાને જઈને યુવાને ભલામણ પત્ર માગ્યો તો સામેથી જવાબ મળ્યો કે સાહેબનો ભલામણ પત્ર મળી જશે પરંતુ તેના રૂપિયા બે હજાર થશે. જે ભલામણ પત્ર પહેલા ધારાસભ્યો કોઈ ઓળખાણ વગર પણ પળવારમાં આપી દેતા હતા તે ભલામણ પત્ર માટે ધારાસભ્યના વચેટિયા હવે બબ્બે હજાર રૂપિયા ઉઘરાવી રહ્યા છે. ધારાસભ્યની ભલામણની પણ કિંમત બોલાય છે તેવું જાણીને તે યુવાન ત્યાંથી મોં બગાડીને નીકળી ગયો હતો. નોંધનીય બાબત છે કે ભ્રષ્ટાચાર સાવ આટલી નીચલી કક્ષાએ પહોંચી જશે તેવી કલ્પના પણ ઠેસ પહોંચાડી જાય છે. એ વાત અલગ છે કે ધારાસભ્ય સાહેબની જાણ બહાર તેમનો સંબંધી વચેટીયો આવી રીતે ઉઘરાણા કરી ખાતો હોય. તે પણ જવાબદારી તો ધારાસભ્યને જ બને છે કે તેમના હાથ નીચે કોણ શું કરી જાય છે તેનું ધ્યાન રાખવું..!!

## ઉંઘ હરામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મધ્યપ્રદેશ, અને રાજસ્થાન સહિત ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટી ગઠબંધન કરીને ચૂંટણી મેદાનમાં ઉતરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આના કારણે સત્તારૂઢ પાર્ટીની ચિંતા વધી ગઈ છે.

## આંદોલન કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાન્યુઆરી ૨૦૧૪માં તત્કાલિન રાષ્ટ્રપતિ દ્વારા તેના ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અણ્ણા હજારેએ કહ્યું હતું કે આ સરકારમાં ઈચ્છા શક્તિના અભાવમાં ભ્રષ્ટાચારની ગતિવિધિ સંપૂર્ણપણે રોકાઈ શકી નથી. લોકપાલની નિમણૂંકમાં વિલંબ ચિંતાજનક બાબત છે.

## ભૂમિકા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રી સતિષ મહાના, સુરેશ રાણા પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ જે લોકો મોદીની ટીકા કરતા રહે છે તે સારી રીતે સમજી લે કે ટીકા કરવા માટે તેમના ખાતામાં ચાર વર્ષ છે. બીજાના ખાતામાં ૭૦ વર્ષ છે. યોગી આદિત્યનાથે કે ઉત્તરપ્રદેશમાં તેમના એક વર્ષના શાસનકાળમાં ઉત્તર પ્રદેશમાં ૬૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થયું છે.